# SHREE VASISHTHA VIDHYALAYA

**Gujarati 2nd Language Worksheet 2026-27**

Name : - ____________________ Std.:- V

Roll No. :-________ Worksheet No.TA1-01 Date : -

## ગદ્યાંશ

રામાયણ એક હિન્દુ ધર્મનો એક અત્યંત પવિત્ર અને પૂજનીય મહાકાવ્ય ગ્રંથ છે. જેની રચના આદિકવિ મહર્ષિ વાલ્મિકી દ્વારા સંસ્કૃત ભાષામાં કરવામાં આવી હતી. આ મહાન ગ્રંથમાં ભગવાન વિષ્ણુના અવતાર પ્રભુ શ્રી રામચંદ્રજીના જીવન અને તેમના આદર્શોની ગાથા વર્ણવવામાં આવી છે. રામાયણ માત્ર એક વાર્તા નથી. પરંતુ તે ભારતીય સંસ્કૃતિ ,સંસ્કાર અને જીવન જીવવાની કળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. રામાયણ આપણને શીખવે છે કે ગમે તેટલી મુશ્કેલી પરિસ્થિતિ હોય હંમેશા ધર્મ અને સત્યનો જ વિજય થાય છે.

પ્ર-૧ ઉપરના ગદ્યાંશ પરથી નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.

૧) રામાયણ આપણને શું શીખવે છે?

રામાયણ આપણને શીખવે છે કે ગમે તેટલી મુશ્કેલી પરિસ્થિતિ હોય હંમેશા ધર્મ અને સત્યનો જ વિજય થાય છે.

૨) મહાકાવ્ય ગ્રંથની રચના કોના દ્વારા કરવામાં આવી?

મહાકાવ્ય ગ્રંથની રચના આદિકવિ મહર્ષિ દ્વારા સંસ્કૃત ભાષામાં કરવામાં આવી હતી.

ખ. ખાલી જગ્યા પૂરો.

૧) રામાયણ પ્રભુ શ્રી રામચંદ્રજીના જીવન અને તેમના આદર્શોની ગાથા વર્ણવવામાં આવી છે.

૨) રામાયણએ હિન્દુ ધર્મનો એક અત્યંત પવિત્ર ગ્રંથ છે.

પ્ર-૨ પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.

૧) કુંડમાં ગંગા નદી પ્રગટ થાય છે.

૨) તરણેતરનો મેળો સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાય છે.

3) મહારાણા પ્રતાપ ના ભાઈનું નામ શક્તિસિંહ હતું.

૪) ચેતક ઘોડો એક સાથે ૩૧૮ કિલોનું વજન ઉઠાવી શકતો હતો.

૫) ભારતમાતા ને તેમના સંતાનો વધુ વહાલા છે.

૬) કુંવારા યુવાનો પોતપોતાની છત્રી નીચે બેઠાં હોય છે.

૭) ચેતક આંબલીના ઝાડ નીચે પડી ગયો હતો.

૮) ચેતક ઘોડો મહારાણા પ્રતાપને ગુજરાત રાજ્યમાંથી ભેટમાં મળેલો હતો.

પ્ર-3 નીચે આપેલા વાક્યમાંથી સાચા વાક્યો ની સામે (✓) ખરાની અને ખોટા (✗) વાક્યની સામે ખોટા ની નિશાની કરો.

૧) આપણે આપણી ભૂમિ શત..શત ....વંદન કરવા જોઈએ. ( ✓ )

૨) ગોપાલ કૃષ્ણ ગોખલે દેવપ્રકાશ કહેવાયા. ( ✗ )

3) તરણેતરનો મેળો ભાદરવા સુદ પાંચમના પાંચ દિવસ માટે યોજાય છે. ( ✗ )

૪) કવિતામાં પ્રાણીઓની ભોમકા જણાવી છે. ( ✗ )

૫) કવિતામાં વિનોબાજીને શૂરવીર કહ્યા છે. ( ✗ )

૬) અટક લાંબી છે છલાંગ મારનારો ઘોડો હતો. ( ✗ )

૭) ચેતકની સમાધિ આજે પણ હલ્દીઘાટીમાં છે. ( ✓ )

૮) તરણેતરના મેળામાં કાઠીયાવાડની સંસ્કૃતિ માણવા માટે શ્રેષ્ઠ છે. ( ✓ )

પ્ર-૪ **પાઠને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો .**

૧) ઋષિમુનિઓ ગંગાનું પ્રાગટ્ય કઈ રીતે કરે છે?

ઋષિમુનિઓ ગંગાનું પ્રાગટ્ય પોતાની યોગશક્તિથી કરે છે.

૨) એક માન્યતા પ્રમાણે દ્રોપદી નો સ્વયંવર ક્યાં યોજાયો હતો?

એક માન્યતા પ્રમાણે મહાભારતકાળમાં દ્રૌપદીનો સ્વયંવર તરણેતરમાં યોજાયો હતો.

3) લંગડા માટે આપણે કયો શબ્દ કહીએ છીએ?

લંગડા માટે આપણે ખોડીલું શબ્દ કહીએ છીએ.

૪) મહારાણાનો કઈ ભાષામાં સંદેશો સંભળાયો?

મહારાણાને નીલા ઘોડા રા અસવાર ભાષામાં સંદેશો સંભળાયો.

૫) વેદગીતાના લખાયેલા ગ્રંથો ના નામ લખો?

વેદગીતામાં લખાયેલા ગ્રંથો મહાભારત અને રામાયણ છે.

૬) અત્યારે તરણેતરના મેળાનું આયોજન કોણ કરે છે?

અત્યારે તરણેતરના મેળાનું આયોજન ગ્રામપંચાયત કરે છે.